©

सत्यमेव जयते


# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LXVII ] THURSDAY, 09th JULY, 2026/ASHADHA 18, 1948 [ Issue No. 28**


**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.**

# PART-I


| PART - I | Pages | PART - I - B | Pages |
|---|---|---|---|
| Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appointments etc., | 381-398 | (Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement. | Nil |
| | | **PART - II** | |
| | | Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc., | 6437-6780 |
| **PART - I - A** | | | |
| Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts., | Nil | | |
| | | **PART - III** | |
| | | Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc., | Nil |

# GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION
## NOTIFICATION
### MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

### જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

**વિષય :** ચૂંટણી દરમિયાન સભા/સરઘસ/શોભાયાત્રાની મંજૂરીની સત્તા એનાયત કરવા બાબત.

વંચાણે લીધા :

(૧) અત્રેના તા. ૧૦-૦૮-૧૯૮૭ના જાહેરનામા ક્રમાંક નં. ડી.એમ./૧/વશી/૧૩૨૯/૮૭

(૨) અત્રેના તા.૦૯-૧૦-૨૦૧૨ના હુકમ નં. ડીએમ/૧/વશી/૩૨૧૮/૨૦૧૨

### જાહેરનામું

નં. ડીએમ-૧/સ્થા. સ્વ. ચૂંટણી/હુકમ/૨૦૨૬.-રાજય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ-૨૦૨૬નો ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે અનુસાર ભાવનગર જિલ્લાની નીચે મુજબની મહાનગરપાલીકા, નગરપાલીકાઓ તથા જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ યોજાનાર છે. જેનુ મતદાન તા. ૨૬-૦૪-૨૦૨૬ ના રોજ અને તા. ૨૮-૦૪-૨૦૨૬ના રોજ થનાર છે.

| અ.નં. | સ્થાનિક સ્વરાજયની સંસ્થાનું નામ | ચૂંટણીનો પ્રકાર |
|---|---|---|
| ૧ | મહાનગરપાલીકા, ભાવનગર | સામાન્ય ચૂંટણી |
| ૨ | નગરપાલીકા, મહુવા, પાલીતાણા, વલ્લભીપુર | સામાન્ય ચૂંટણી |
| ૩ | જિલ્લા પંચાયત, ભાવનગર | સામાન્ય ચૂંટણી |
| ૪ | તાલુકા પંચાયત, ભાવનગર(ગ્રામ્ય), ઘોઘા, શિહોર, વલ્લભીપુર, ઉમરાળા, મહુવા, પાલીતાણા, તળાજા, ગારીયાધાર, જેસર | સામાન્ય ચૂંટણી |

ઉપરોક્ત સંદર્ભવાળા જાહેરનામાથી સભા/સરઘસ/શોભાયાત્રાની મંજૂરી આપવાની સત્તાઓ એનાયત કરેલ છે. સબબ, ભાવનગર જિલ્લાની ઉપરના પત્રક મુજબની સ્થાનિક સ્વરાજયની ચૂંટણી-૨૦૨૬ને ધ્યાને લઈ ચૂંટણી સમયગાળા દરમિયાન ભાવનગર શહેર, શિહોર, પાલીતાણા, તળાજા, મહુવા તાલુકાના વિસ્તાર માટે કે જયાં સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રીની કચેરીનું હેડકવાર્ટર આવેલ છે તે વિસ્તારમાં સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીને અને તે સિવાયના તાલુકાના વિસ્તાર માટે સંબંધિત મામલતદારશ્રીને આ હુકમની તારીખથી તા. ૨૮-૦૪-૨૦૨૬ ના રોજ મતગણતરી પુર્ણ થાય ત્યાં સુધીના સમયગાળા માટે સભા/સરઘસ/શોભાયાત્રાની મંજૂરી આપવાની સત્તા એનાયત કરવા આથી હુકમ કરવામાં આવે છે.

ભાવનગર, ૧૦ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

---

**વિષય :** મતદાનના દિવસે મતદાન મથકમાં પ્રવેશ કરવા પર પ્રતિબંધ મુકવા બાબત.

### જાહેરનામું

નં.ડીએમ-૧/સ્થા.સ્વ.ચૂંટણી/જા.ના.૧૫/ફા.નં.૧૫૧૬(૨/૬)/૨૦૨૬.-રાજય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ-૨૦૨૬નો ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે અનુસાર ભાવનગર જિલ્લાની નીચે મુજબની મહાનગરપાલીકા, નગરપાલીકાઓ તથા જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ યોજાનાર છે. જેનુ મતદાન તા. ૨૬-૦૪-૨૦૨૬ ના રોજ થનાર છે.

| અ.નં. | સ્થાનિક સ્વરાજયની સંસ્થાનું નામ | ચૂંટણીનો પ્રકાર |
|---|---|---|
| ૧ | મહાનગરપાલીકા, ભાવનગર | સામાન્ય ચૂંટણી |
| ૨ | નગરપાલીકા, મહુવા, પાલીતાણા, વલ્લભીપુર | સામાન્ય ચૂંટણી |
| ૩ | જિલ્લા પંચાયત, ભાવનગર | સામાન્ય ચૂંટણી |
| ૪ | તાલુકા પંચાયત, ભાવનગર(ગ્રામ્ય), ઘોઘા, શિહોર, વલ્લભીપુર, ઉમરાળા, મહુવા, પાલીતાણા, તળાજા, ગારીયાધાર, જેસર | સામાન્ય ચૂંટણી |

રાજય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા. ૧૭-૧૧-૨૦૨૧ની સુચનાનુસાર મુકત અને ન્યાયી રીતે ચૂંટણી યોજાય તે માટે મતદાનના દિવસે સુલેહ, શાંતિ તથા કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે મતદાનનાં દિવસે મતદાન મથકમાં અનઅધિકૃત વ્યકિતઓનાં પ્રવેશવા પર પ્રતિબંધો મુકવા જરૂરી જણાય છે.

આથી હું, ડૉ. મનીષ કુમાર બંસલ, IAS, જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ની પેટા કલમ-(૧) થી મને મળેલ સત્તાની રૂઈએ મતદાન મથકની અંદર નીચે દર્શાવ્યા મુજબની વ્યકિતઓ સિવાયની વ્યકિતઓને મતદાનનાં દિવસે મતદાન મથકમાં પ્રવેશવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) મતદાન મથકનાં પ્રમુખ અધિકારી, મતદાન અધિકારીઓ તથા મતદારો.

(૨) દરેક ઉમેદવાર, એનો ચૂંટણી એજન્ટ અને દરેક ઉમેદવારનો એકી વખતે એક મતદાન એજન્ટ.

(૩) ચૂંટણી આયોગે અધિકૃત કરેલી વ્યકિતઓ.

(૪) ચૂંટણી અંગેની ફરજ પરનાં જાહેર કર્મચારીઓ.

(૫) આયોગે નીમેલા નિરીક્ષકો, સેકટર મેજીસ્ટ્રેટ/ઝોનલ ઓફીસર, માઈક્રો ઓબ્ઝર્વર, ચૂંટણી આયોગ દ્વારા અપાયેલ મીડીયા પાસ ધરાવતી વ્યકિતઓ.

(૬) મતદારે તેડેલું બાળક.

(૭) મદદ વિના હરી ફરી શકે તેમ ન હોય તેવા અંધ અને અશકત મતદાર સાથેની વ્યકિત.

(૮) મતદાન મથકનાં પ્રમુખ અધિકારી, મતદારોની ઓળખ માટે અથવા મતદાન અંગે બીજી રીતે પોતાને મદદ કરવા માટે વખતો વખત દાખલ થવા દે એવી બીજી વ્યકિતઓ.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

આ જાહેરનામુ ભાવનગર જિલ્લાની મહાનગરપાલીકા, નગરપાલીકાઓ તથા જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણીમાં સમાવિષ્ટ વિસ્તાર પુરતુ લાગુ પડશે.

આ જાહેરનામાનો અમલ તા. ૨૬-૦૪-૨૦૨૬ના રોજ મતદાનની કામગીરી પૂર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે. (જો તા. ૨૭-૦૪-૨૦૨૬ના રોજ પુનઃમતદાન થાય તો પુનઃમતદાનના દિવસે મતદાનની કામગીરી પુર્ણ થાય ત્યાં સુધી આ જાહેરનામું અમલમાં રહેશે.)

આજ તા. ૧૩-૦૪-૨૦૨૬ના રોજ મારી સહી સિક્કો કરી જાહેરનામું બહાર પાડ્યું.

ભાવનગર, ૧૩ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

---

**વિષય :** મતદાનના દિવસે મતદાન મથક નજીક મંડપ ઉભા કરવા પર પ્રતિબંધ બાબત.

## જાહેરનામું

નં. ડીએમ-૧/સ્થા.સ્વ.ચૂંટણી/જા.ના.૧૪/ફા.નં.૧૫૧૬(૨/૬)/૨૦૨૬.- રાજય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/ પેટા ચૂંટણીઓ-૨૦૨૬નો ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે અનુસાર ભાવનગર જિલ્લાની નીચે મુજબની મહાનગરપાલીકા, નગરપાલીકાઓ તથા જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ યોજાનાર છે. જેનુ મતદાન તા. ૨૬-૦૪-૨૦૨૬ ના રોજ થનાર છે.

| અ.નં. | સ્થાનિક સ્વરાજયની સંસ્થાનું નામ | ચૂંટણીનો પ્રકાર |
|---|---|---|
| ૧ | મહાનગરપાલીકા, ભાવનગર | સામાન્ય ચૂંટણી |
| ૨ | નગરપાલીકા, મહુવા, પાલીતાણા, વલ્લભીપુર | સામાન્ય ચૂંટણી |
| ૩ | જિલ્લા પંચાયત, ભાવનગર | સામાન્ય ચૂંટણી |
| ૪ | તાલુકા પંચાયત, ભાવનગર(ગ્રામ્ય), ઘોઘા, શિહોર, વલ્લભીપુર, ઉમરાળા, મહુવા, પાલીતાણા, તળાજા, ગારીયાધાર, જેસર | સામાન્ય ચૂંટણી |

રાજય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા. ૧૭-૧૧-૨૦૨૧ની સુચનાનુસાર મતદાનના દિવસે મતદાન મથક નજીક મંડપ ઉભા કરવા પર નિયંત્રણો ફરમાવેલ છે. ઉમેદવારોના ચૂંટણી પ્રચાર મથકોને કારણે, મતદારો માટે અવરોધો ઉભા થાય છે. ચૂંટણી લડતા ઉમેદવારો અને કાર્યકરો વચ્ચે અથડામણો થાય છે. જેને કારણે કાયદો અને વ્યવસ્થાનાં પ્રશ્નો ઉભા થાય છે અને એ રીતે ચૂંટણીના મુકત, ન્યાયી અને સરળ સંચાલનમાં ઘણી મુશ્કેલીઓ ઉભી થાય છે. જેથી મતદાનના દિવસે મતદાન મથક નજીક મંડપ ઉભા કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

આથી હું, ડૉ. મનીષ કુમાર બંસલ IAS, જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ની પેટા કલમ-(૧) થી મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે,

૧. મતદાન મથકની ૨૦૦ મીટરના અંતર સુધીમાં કોઈપણ મંડપ બાંધવો નહી અને એક જ મંડપ બાંધી શકાશે અને તેમાં એક ટેબલ અને એક ખુરશી જ રાખી શકાશે. તડકાથી/વરસાદથી રક્ષણ માટે છત્રી અથવા તાડપત્રીનો ટુકડો માથાના ભાગે રાખી શકાશે પરંતુ મંડપની ફરતે કંતાન કે પછી પછેડી જેવી આડશ લગાવી શકાશે નહીં.

૨. આવા મંડપ બાંધવા માંગતા ઉમેદવારે જગ્યા અંગે સ્થાનિક સત્તા મંડળની લેખીત પરવાનગી મેળવવી અને સબંધિત ચૂંટણી અધિકારીશ્રીઓને જાણ કરવી જોઈશે.

૩. મતદારોને જે સ્લીપ આપવામાં આવે તેમાં ઉમેદવારનું નામ/ચિન્હ પ્રતિક અથવા રાજકીય પક્ષનું નામ લખેલુ હોવું જોઈએ નહીં.

૪. મતદાન કરીને આવેલ મતદારને મંડપમાં ભેગા/એકત્ર થવાની છુટ આપવી નહીં.

૫. મંડપમાં મતદાન મથકમાં મતદાનની પ્રક્રિયામાં અડચણ (હરકત) ઉભી ન થાય તેની તકેદારી રાખવી. મતદાર કોઈપણ ઉમેદવારના મંડપમાં સ્લીપ લેવા જઈ શકશે તેમ કરતા કોઈપણ પ્રકારે કોઈ દ્વારા તેને અટકાવી શકાશે નહીં. મંડપના કાર્યકરો સુમેળભર્યા વાતાવરણમાં જ કાર્યવાહી કરી શકશે.

૬. કાયદો વ્યવસ્થા જાળવવામાં હરકત થશે તો મંડપ દુર કરવાની કાર્યવાહી સક્ષમ સત્તાધિકારી કરી શકશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

આ જાહેરનામુ ભાવનગર જિલ્લાની મહાનગરપાલીકા, નગરપાલીકાઓ તથા જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણીમાં સમાવિષ્ટ વિસ્તાર પુરતુ લાગુ પડશે.

આ જાહેરનામાનો અમલ તા. ૨૬-૦૪-૨૦૨૬ના રોજ મતદાનની કામગીરી પૂર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે. (જો તા. ૨૭-૦૪-૨૦૨૬ના રોજ પુનઃમતદાન થાય તો પુનઃમતદાનના દિવસે મતદાનની કામગીરી પુર્ણ થાય ત્યાં સુધી આ જાહેરનામું અમલમાં રહેશે.)

આજ તા. ૧૩-૦૪-૨૦૨૬ના રોજ મારી સહી સિક્કો કરી જાહેરનામું બહાર પાડ્યું.

ભાવનગર, ૧૩ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

---

**વિષય :** મતદાનના દિવસે મતદાન મથકની ૨૦૦ મીટરની ત્રિજયામાં ચાર કરતા વધુ માણસોએ ભેગા થવા પર પ્રતિબંધ બાબત.

## જાહેરનામું

નં. ડીએમ-૧/સ્થા.સ્વ.ચૂંટણી/જા.ના.૧૩/ફા.નં.૧૫૧૬(૨/૬)/૨૦૨૬.- રાજય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/ પેટા ચૂંટણીઓ-૨૦૨૬નો ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે અનુસાર ભાવનગર જિલ્લાની નીચે મુજબની મહાનગરપાલીકા, નગરપાલીકાઓ તથા જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ યોજાનાર છે. જેનુ મતદાન તા. ૨૬-૦૪-૨૦૨૬ ના રોજ થનાર છે.

| અ.નં. | સ્થાનિક સ્વરાજયની સંસ્થાનું નામ | ચૂંટણીનો પ્રકાર |
|---|---|---|
| ૧ | મહાનગરપાલીકા, ભાવનગર | સામાન્ય ચૂંટણી |
| ૨ | નગરપાલીકા, મહુવા, પાલીતાણા, વલ્લભીપુર | સામાન્ય ચૂંટણી |
| ૩ | જિલ્લા પંચાયત, ભાવનગર | સામાન્ય ચૂંટણી |
| ૪ | તાલુકા પંચાયત, ભાવનગર(ગ્રામ્ય), ઘોઘા, શિહોર, વલ્લભીપુર, ઉમરાળા, મહુવા, પાલીતાણા, તળાજા, ગારીયાધાર, જેસર | સામાન્ય ચૂંટણી |

રાજય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા. ૧૭-૧૧-૨૦૨૧ થી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓમાં આદર્શ આચાર સંહિતા બહાર પાડી તેનું કડકપણે પાલન કરવની સુચનાઓ આપવામાં

આવેલ છે. સબબ, સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૨૬માં મતદાન તા. ૨૬-૦૪-૨૦૨૬ ના રોજ નિયત કરવામાં આવેલ મતદાન મથકો ઉપર યોજાનાર હોય જેથી નિયત કરેલા મતદાન મથકોએ મતદાન સરળ અને શાંતિપૂર્ણ રીતે થાય અને તેમાં કોઈ અવરોધ પેદા થાય નહિ તે માટે તેમજ નિયત કરેલા મતદાન કેન્દ્રોએ ચૂંટણી લડતા ઉમેદવારોના ટેકેદારો અને કાર્યકરો એકઠા થાય ત્યારે એકબીજા વચ્ચે સંઘર્ષ ન થાય, જાહેર સુલેહ-શાંતિ તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે નિયત કરેલ મતદાન મથકોની આજુબાજુના ૨૦૦ મીટરના વિસ્તારમાં ચાર કરતા વધુ માણસોએ ભેગા નહીં થવા માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ ની પેટા કલમ-(૧) મુજબ પગલા લેવા સારૂ પુરતું કારણ જણાય છે.

આથી હું, ડૉ. મનીષ કુમાર બંસલ IAS, જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ની પેટા કલમ-(૧) થી મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે,

(૧) તા. ૨૬-૦૪-૨૦૨૬ના રોજ સવારના ૦૭-૦૦ કલાકથી નિયત કરેલા મતદાન મથકોએ મતદાનની કામગીરી પુરી થાય તે સુધીના સમય તેમજ મતદાનને લગતી અન્ય કામગીરી પૂર્ણ થાય તે સમય સુધી નિયત કરવામાં આવેલ મતદાન મથકોના ૨૦૦ મીટરના વિસ્તારમાં ચાર કરતા વધારે માણસોએ ભેગા થવું નહીં,

આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં.

૧. ચૂંટણી અંગેની કામગીરીમાં રોકવામાં આવેલ ચૂંટણી ફરજ માટેના સરકારી અધિકારી અને કર્મચારીઓને.

૨. કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે ફરજ ઉપર મુકાયેલ પોલીસ અધિકારી-કર્મચારી તથા હોમગાર્ડને.

૩. ચૂંટણી લડતા ઉમેદવારો/ચૂંટણી એજન્ટ/મતદાન એજન્ટને તથા ચૂંટણી અધિકારીશ્રીઓ તથા ચૂંટણી આયોગ દ્વારા અધિકૃત કરવામાં આવે તે સ્ટાફને,

૪. અધિકૃત મતદારોને મત આપવા જતા તેમજ મતદાન પછી પરત આવવા સુધીના સમય સુધી.

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

આ જાહેરનામુ ભાવનગર જિલ્લાની મહાનગરપાલીકા, નગરપાલીકાઓ તથા જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણીમાં સમાવિષ્ટ વિસ્તાર પુરતુ લાગુ પડશે.

આ જાહેરનામાનો અમલ તા. ૨૬-૦૪-૨૦૨૬ના રોજ મતદાનની કામગીરી પૂર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે. (જો તા. ૨૭-૦૪-૨૦૨૬ના રોજ પુનઃમતદાન થાય તો પુનઃમતદાનના દિવસે મતદાનની કામગીરી પુર્ણ થાય ત્યાં સુધી આ જાહેરનામું અમલમાં રહેશે.)

આજ તા. ૧૩-૦૪-૨૦૨૬ના રોજ મારી સહી સિક્કો કરી જાહેરનામું બહાર પાડ્યું.

ભાવનગર, ૧૩ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

**વિષય :** મતદાનના દિવસે મતદાન મથકની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં અનઅધિકૃત વ્યકિતએ પ્રવેશ કરવા પર પ્રતિબંધ મુકવા બાબત.

## જાહેરનામું

નં. ડીએમ-૧/સ્થા.સ્વ.ચૂંટણી/જા.ના.૧૨/ફા.નં.૧૫૧૬(૨/૬)/૨૦૨૬.- રાજય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ-૨૦૨૬નો ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે અનુસાર ભાવનગર જિલ્લાની નીચે મુજબની મહાનગરપાલીકા, નગરપાલીકાઓ તથા જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ યોજાનાર છે. જેનુ મતદાન તા. ૨૬-૦૪-૨૦૨૬ ના રોજ થનાર છે.

| અ.નં. | સ્થાનિક સ્વરાજયની સંસ્થાનું નામ | ચૂંટણીનો પ્રકાર |
|---|---|---|
| ૧ | મહાનગરપાલીકા, ભાવનગર | સામાન્ય ચૂંટણી |
| ૨ | નગરપાલીકા, મહુવા, પાલીતાણા, વલ્લભીપુર | સામાન્ય ચૂંટણી |
| ૩ | જિલ્લા પંચાયત, ભાવનગર | સામાન્ય ચૂંટણી |
| ૪ | તાલુકા પંચાયત, ભાવનગર(ગ્રામ્ય), ઘોઘા, શિહોર, વલ્લભીપુર, ઉમરાળા, મહુવા, પાલીતાણા, તળાજા, ગારીયાધાર, જેસર | સામાન્ય ચૂંટણી |

રાજય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા. ૧૭-૧૧-૨૦૨૧ થી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓમાં આદર્શ આચાર સંહિતા બહાર પાડી તેનું કડકપણે પાલન કરવની સુચનાઓ આપવામાં આવેલ છે. સબબ, સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ-૨૦૨૬ મુકત અને ન્યાયી રીતે ચૂંટણી યોજાય તે માટે મતદાનના દિવસે સુલેહ, શાંતિ તથા કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે નીચે મુજબના પ્રતિબંધો મુકવા જરૂરી જણાય છે.

આથી હું, ડૉ. મનીષ કુમાર બંસલ IAS, જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ની પેટા કલમ-(૧) થી મને મળેલ સત્તાની રૂઈએ મતદાન મથકની અંદર તથા મતદાન મથકથી ૧૦૦ મીટરના અંતરમાં આવેલ વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ નીચે મુજબના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) મત માટે પ્રચાર કરવા પર.

(૨) મતદારોને ધાક-ધમકી આપીને કે રંજાડીને મતદાન કરવા જતા અટકાવવા પર.

(૩) અમુક ઉમેદવારને મત ન આપવા માટે કોઈ મતદારને સમજાવવા પર.

(૪) કોઈ મતદારને ચૂંટણીમાં મત ન આપવા સમજાવવા પર.

(૫) ચૂંટણીને લગતી (સરકારી નોટીસ સિવાયની) કોઈ નોટીસ કે નિશાની પ્રદર્શિત કરવા પર.

(૬) સેલ્યુલર/મોબાઈલ ફોન, કોડલેસ ફોન, પેજર, વાયરલેસ સેટ અને અન્ય વિજાણુ સંદેશા વ્યવહારના સાધનો લઈ જવા પર.

(૭) વાહનો સાથે આવવા પર.

(૮) મતદાન મથકમાં મતદાન માટે આવેલ મતદાર, ઉમેદવાર તથા ચૂંટણી આયોગે અધિકૃત કરેલ વ્યકિત સિવાયની વ્યકિતએ પ્રવેશ કરવા પર.

(૯) રાજકીય પક્ષોના પ્રતિકો કે ઉમેદવારોના પ્રતિકો લાવવા પર કે કોઈ નિશાનીઓ રાખવા પર.

(૧૦) કોઈપણ પક્ષના ચિન્હવાળી સ્લીપો વહેંચવા પર.

**નીચે મુજબના કૃત્યો પ્રતિબંધિત રહેશે નહીં.**

(૧) મતદાન મથકમાં પ્રવેશ માટે મતદારોએ એક લાઈનમાં ઉભા રહેવા પર. પરંતુ સ્ત્રી મતદારો માટે અલગ લાઈનની વ્યવસ્થા હોય તો તેઓએ અલગ લાઈનમાં ઉભા રહેવાનું રહેશે.

(૨) મતદારોએ મતદાન મથકમાં એક પછી એક વારાફરતી ક્રમમાં પ્રવેશવા પર.

(૩) મતદારોએ મત આપ્યા બાદ તુર્ત જ મતદાન મથક છોડી દેવાનું રહશે.

આ હુકમમાં નીચે મુજબ આપવાદ છે.

કાયદો અને વ્યવસ્થાના ઈન્ચાર્જ અધિકારીઓ અને મતદાન મથક નજીક ફરજ ઉપર મુકેલ સલામતી કર્મચારીઓ, ચુંટણી આયોગે નિમેલ નિરીક્ષકો અને ચૂંટણી ફરજ પરના અધિકારીશ્રીઓ સહિતના મતદાનની ફરજોના હવાલો ધરાવતા અધિકારીઓ/કર્મચારીઓને.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

આ જાહેરનામુ ભાવનગર જિલ્લાની મહાનગરપાલીકા, નગરપાલીકાઓ તથા જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણીમાં સમાવિષ્ટ વિસ્તાર પુરતુ લાગુ પડશે.

આ જાહેરનામાનો અમલ તા. ૨૬-૦૪-૨૦૨૬ના રોજ મતદાનની કામગીરી પૂર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે. (જો તા. ૨૭-૦૪-૨૦૨૬ના રોજ પુનઃમતદાન થાય તો પુનઃમતદાનના દિવસે મતદાનની કામગીરી પુર્ણ થાય ત્યાં સુધી આ જાહેરનામું અમલમાં રહેશે.)

આજ તા. ૧૩-૦૪-૨૦૨૬ના રોજ મારી સહી સિક્કો કરી જાહેરનામું બહાર પાડયું.

ભાવનગર, ૧૩ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

---

**વિષય :** ચૂંટણી દરમિયાન દારૂ અને નશાકારક ચીજોના વેચાણ/વહેંચણી પર પ્રતિબંધ મુકવા બાબત.

## જાહેરનામું

નં. ડીએમ-૧/સ્થા.સ્વ.ચૂંટણી/જા.ના.૧૧/ફા.નં.૧૫૧૬/૨૦૨૬.-રાજય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ-૨૦૨૬નો ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે અનુસાર ભાવનગર જિલ્લાની નીચે મુજબની મહાનગરપાલીકા, નગરપાલીકાઓ તથા જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ યોજાનાર છે. જેનુ મતદાન તા. ૨૬-૦૪-૨૦૨૬ ના રોજ થનાર છે.

| અ.નં. | સ્થાનિક સ્વરાજયની સંસ્થાનું નામ | ચૂંટણીનો પ્રકાર |
|---|---|---|
| ૧ | મહાનગરપાલીકા, ભાવનગર | સામાન્ય ચૂંટણી |
| ૨ | નગરપાલીકા, મહુવા, પાલીતાણા, વલ્લભીપુર | સામાન્ય ચૂંટણી |
| ૩ | જિલ્લા પંચાયત, ભાવનગર | સામાન્ય ચૂંટણી |
| ૪ | તાલુકા પંચાયત, ભાવનગર(ગ્રામ્ય), ઘોઘા, શિહોર, વલ્લભીપુર, ઉમરાળા, મહુવા, પાલીતાણા, તળાજા, ગારીયાધાર, જેસર | સામાન્ય ચૂંટણી |

રાજય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : રાચઆ-એન. પી.૨૧/૦૪૨૦૨૬-ક-૧૦૯૦૭ થી ૧૦૯૧૦, તા. ૦૧-૦૪-૨૦૨૬ થી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓ-૨૦૨૬ દરમિયાન મતદારો નિર્ભયપણે મતદાન કરી શકે તે માટે દારૂ અને નશાકારક ચીજોના વેચાણ પર પ્રતિબંધ મુકવા સુચનાઓ આપવામાં આવેલ છે. તેમજ પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગરના પત્ર નં. એલઆઈબી/ ગ્રા.પં.ચું./માહિતી/૧૫૩૯/૨૦૨૬, તા. ૦૮-૦૪-૨૦૨૬ થી રાજય ચૂંટણી આયોગની સુચનાઓ અનુસાર લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(સી) હેઠળ ચૂંટણી દરમિયાન મતદારો નિર્ભયપણે મતદાન કરી શકે તે માટે ચૂંટણી દરમિયાન દારૂ અને નશાકારક ચીજોના વેચાણ પર પ્રતિબંધ મુકવા દરખાસ્ત થઈ આવેલ છે. ચૂંટણી દરમિયાન સદરહું પ્રતિબંધો મુકવા જરૂરી જણાય છે.

આથી હું, ડૉ. મનીષ કુમાર બંસલ IAS, જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ગુજરાત નશાબંધી અધિનિયમ-૧૯૪૯નાં કાયદાની કલમ-૧૪૨ અન્વયે મળેલ સત્તાની રૂઈએ ભાવનગર જિલ્લાની મહાનગરપાલીકા, નગરપાલીકાઓ તથા જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણીઓમાં સમાવિષ્ટ મત વિસ્તારમાં નીચે મુજબના દિવસોએ ''ડ્રાય ડે'' જાહેર કરવા ફરમાવું છું કે,

(૧) સદરહુ ચૂંટણી અન્વયે મતદાન તા. ૨૬-૦૪-૨૦૨૬ ના રોજ સવારના ૦૭-૦૦ વાગ્યાથી સાંજના ૦૬-૦૦ વાગ્યા સુધી મતદાન યોજાનાર હોઈ, મતદાનનો સમય પૂરો થવાના કલાક સાથે પુરા થાય તે રીતે ૪૮ કલાકનો સમય એટલે તા. ૨૪-૦૪-૨૦૨૬ ના સાંજના ૦૬-૦૦ કલાકથી તા. ૨૬-૦૪-૨૦૨૬ ના સાજંના ૦૬-૦૦ કલાક. (જો તા. ૨૭-૦૪-૨૦૨૬ના રોજ પુનઃમતદાન થાય તો પુનઃમતાદનનો દિવસ પણ આવરી લેવાનો રહેશે.)

(૨) સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણી એપ્રિલ-૨૦૨૬ના મતગણતરીનો દિવસ તા. ૨૮-૦૪-૨૦૨૬ના રોજ મતગણતરી પૂર્ણ ન થાય ત્યાં સુધી.

ઉપરોકત દિવસોએ ચૂંટણી હેઠળના મતવિસ્તારમાં આવેલ વિદેશ દારૂના વેચાણના પરવાના (એફ.એલ.૧, એફ.એલ.૨ અને એફ.એલ.૩) તથા નશાકારક વેચાણના પરવાના હેઠળનુ વેચાણ કે વિતરણ કરવું નહીં.

આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદ કરનાર શખ્સ ગુજરાત નશાબંધી અધિનિયમ-૧૯૪૯ની કલમ-૬૫, ૬૬ મુજબ સજાને પાત્ર થશે.

આ જાહેરનામુ ભાવનગર જિલ્લાની મહાનગરપાલીકા, નગરપાલીકાઓ તથા જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ સમાવિષ્ટ મત વિસ્તારને લાગુ પડશે.

આ જાહેરનામુ તા. ૨૪-૦૪-૨૦૨૬ના રોજ સાંજના ૦૬-૦૦ કલાકથી તા. ૨૬-૦૪-૨૦૨૬ના સાંજના ૦૭-૦૦ કલાક સુધી (જો પુનઃમતદાન થાય તો પુનઃમતદાનનો દિવસ પણ આવરી લેવાનો રહેશે.) તેમજ તા. ૨૮-૦૪-૨૦૨૬ ના મતગણતરીના આખા દિવસ પુરતુ અમલમાં રહેશે.

આજ તા. ૧૩-૦૪-૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી જાહેરનામું બહાર પાડયું.

ભાવનગર, ૧૩ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

---

પ્રતિ,

(૧) કમિશ્નરશ્રી,
મહાનગરપાલિકા, ભાવનગર.

(૨) મામલતદારશ્રી,
ભાવનગર સીટી, ભાવનગર ગ્રામ્ય, ઘોઘા, વલ્લભીપુર, પાલીતાણા, ગારીયાધાર, તળાજા, મહુવા, જેસર, ઉમરાળા, સિહોર

(૩) ચીફ ઓફીસરશ્રી, નગરપાલીકા,
વલ્લભીપુર, પાલીતાણા, ગારીયાધાર, તળાજા, મહુવા, સિહોર

**વિષય :** પેમ્પલેટસ અને પોસ્ટર્સ છાપકામ અને પ્રસિધ્ધિ બાબત.

નં. ડીએમ-૧/સ્થા.સ્વ.ચૂંટણી છાપકામ/૨૦૨૬.-ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, રાજય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ-૨૦૨૬નો ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે અનુસાર ભાવનગર જિલ્લાની નીચે મુજબની મહાનગરપાલીકા, નગરપાલીકાઓ તથા જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ યોજાનાર છે.

| અ.નં. | સ્થાનિક સ્વરાજયની સંસ્થાનું નામ | ચૂંટણીનો પ્રકાર |
|---|---|---|
| ૧ | મહાનગરપાલીકા, ભાવનગર | સામાન્ય ચૂંટણી |
| ૨ | નગરપાલીકા, મહુવા, પાલીતાણા, વલ્લભીપુર | સામાન્ય ચૂંટણી |
| ૩ | જિલ્લા પંચાયત, ભાવનગર | સામાન્ય ચૂંટણી |
| ૪ | તાલુકા પંચાયત, ભાવનગર(ગ્રામ્ય), ઘોઘા, શિહોર, વલ્લભીપુર, ઉમરાળા, મહુવા, પાલીતાણા, તળાજા, ગારીયાધાર, જેસર | સામાન્ય ચૂંટણી |

રાજય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા. ૧૭-૧૧-૨૦૨૧ થી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓમાં આદર્શ આચાર સંહિતા બહાર પાડી તેનું કડકપણે પાલન કરવાની સુચનાઓ આપવામાં આવેલ છે. જે અનુસાર ઉકત ચૂંટણી દરમ્યાન વ્યકિતગત અથવા રાજકીય પક્ષો દ્વારા જુદી જુદી પત્રિકાઓ, પેમ્પલેટસ, પોસ્ટરો કે જે કોઈ ચૂંટણી અંગેનું સાહિત્ય પ્રેસમાં છપાવવામાં આવે તેની ચાર નકલો અને પ્રેસના માલિકે (પ્રકાશકે) નમુના-''ક'' માં કરેલ એકરારપત્ર (ડેકલેરેશન) તેમજ પ્રસિધ્ધ કરનાર વ્યકિતએ નમુના ''ખ'' માં કરેલ એકરારપત્ર (ડેકલેરેશન) સાથે સાહિત્ય છાપકામોની ચાર પ્રતો અત્રેની કચેરીએ તથા બે પ્રતો સબંધિત મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીને મોકલવા દરેક પ્રેસ માલિકો/સંચાલકોને લખવામાં આવેલ પત્રની નકલો આ સાથે સામેલ રાખી મોકલેલ છે. તો આપના તાલુકામાં આવેલ પ્રેસ માલિકોને તેની નકલો પહોંચતી કરી સ્થળપ્રતે સહી લઈને સહીવાળી નકલ અત્રેની કચેરીને દિન-૪માં મોકલી આપશો.

ભાવનગર, ૦૪ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

---

પ્રતિ,

(૧) વ્યવસ્થાપકશ્રી, મેનેજરશ્રી, માલિકશ્રી
............... પ્રિન્ટીંગ પ્રેસ,
મુ. ................ તાલુકો ...................

**વિષય :** ચૂંટણી અંગેનું સાહિત્ય છાપવા બાબત.

નં. ડીએમ-૧/સ્થા.સ્વ.ચૂંટણી સાહિત્ય/૨૦૨૬.-ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, રાજય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ-૨૦૨૬નો ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થયેલ છે. જે અનુસાર ભાવનગર જિલ્લાની નીચે મુજબની મહાનગરપાલીકા, નગરપાલીકાઓ તથા જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ યોજાનાર છે.

| અ.નં. | સ્થાનિક સ્વરાજયની સંસ્થાનું નામ | ચૂંટણીનો પ્રકાર |
|---|---|---|
| ૧ | મહાનગરપાલીકા, ભાવનગર | સામાન્ય ચૂંટણી |
| ૨ | નગરપાલીકા, મહુવા, પાલીતાણા, વલ્લભીપુર | સામાન્ય ચૂંટણી |
| ૩ | જિલ્લા પંચાયત, ભાવનગર | સામાન્ય ચૂંટણી |
| ૪ | તાલુકા પંચાયત, ભાવનગર(ગ્રામ્ય), ઘોઘા, શિહોર, વલ્લભીપુર, ઉમરાળા, મહુવા, પાલીતાણા, તળાજા, ગારીયાધાર, જેસર | સામાન્ય ચૂંટણી |

રાજય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા. ૧૭-૧૧-૨૦૨૧ થી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણીઓમાં આદર્શ આચાર સંહિતા બહાર પાડી તેનું કડકપણે પાલન કરવાની સુચનાઓ આપવામાં આવેલ છે. જે અનુસાર ચૂંટણી વખતે આપના મુદ્રણાલયમાં છાપેલા ચૂંટણી અંગેના કોઈપણ ચોપાનિયા કે, ભીંતપત્રો કે આવી અન્ય સાગ્ર પર મુદ્રક પંકિતમાં મુદ્રક અને પ્રકાશકના નામ અને સરનામા સ્પષ્ટપણે દર્શાવવા ફરજીયાત છે.

મુદ્રિત સામગ્રીની ચાર નકલો, એટલે કે આપના દ્વારા મુદ્રિત કરવામાં આવેલ હોય તેવી દરેક મુદ્રિત સામગ્રીની ચાર નકલો સાથે તથા જરૂરિયાત મુજબ પ્રકાશક પાસેથી મેળવેલ એકરારપત્ર સાથે છાપકામ કર્યાના ૩(ત્રણ) દિવસની અંદર આ કચેરીને મોકલી આપવા આ સાથે એકરારપત્ર નમુનો ''ક'' અને ''ખ'' સામેલ છે.

રાજય ચૂંટણી આયોગની જોગવાઈઓના કોઈપણ ઉલ્લંઘનને ખુબ ગંભીરતાથી જોવામાં આવશે. તેમજ યોગ્ય કેસોમાં રાજયના પ્રસ્તુત કાયદા અન્વયે મુદ્રણાલયનું લાયસન્સ પણ રદ કરવા જેવા કડક પગલા લેવામાં આવશે. જેની નોંધ લેશો.

**ડૉ. મનીષ કુમાર બંસલ, IAS**
જિલ્લા મેજીસ્ટ્રેટ
ભાવનગર

---

**જોડાણ-ક**

**ચૂંટણીના ભીંપત્રતો, ચોપાનીયા વગેરેના પ્રકાશકે રજૂ કરવાના એકરારનો નમુનો**

**(જુઓ લોક પ્રતિનિધિ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૨૭-ક)**

હું.......................................તે શ્રી ..................................... નો/ની (નામ), રહેવાસી/(ગ્રામ/નગર) .............................. જિલ્લો .................. (રાજ્ય)................ આથી એકરાર કરું છું કે, ........................ ના પ્રકાશક તરીકે (ચૂંટણીના ભીંતપત્રો, ચોપાનિયાં વગેરેની ટૂંકી માહિતી આપો) જે...................... દ્વારા છાપવામાં આવે છે. (પ્રિન્ટીંગ પ્રેસનું નામ)

સ્થળ : (પ્રકાશકની સહી)
તારીખ :
પુરું નામ :
(પ્રકાશકને અંગેત રીતે ઓળખતા હોય તેવી વ્યકિતએ) શાખ કરવી.

સહી (નામ અને સરનામું)
સહી (નામ અને સરનામુ)
સામી સહી :
(મુદ્રકનું નામ અને સરનામું)

**જોડાણ-ખ**

**ચૂંટણીના ભીંતપત્રો/ચોપાનીયા વગેરેના છાપકામ અંગેની માહિતી આપવા માટેનો નમુનો**

૧. મુદ્રકનું નામ અને સરનામું :

૨. પ્રકાશકનું નામ અને સરનામું :

૩. પ્રકાશકના છાપકામ - હુકમની તારીખ :

૪. પ્રકાશકના એકરારપત્રની તારીખ :

૫. ચૂંટણીના ભીતપત્રો, ચોપાનીયા વગેરેની ટૂંકી વિગતો :

૬. ઉકત દસ્તાવેજોની મુદ્રીત નકલોની સંખ્યા :

૭. મુદ્રણની તારીખ :

૮. ઉકત દસ્તાવેજોની બાબતમાં પ્રકાશકે લેવાનું (કાગળ ખર્ચ સહિત) છાપકામ ખર્ચ :

**સ્થળ :** મુદ્રકની સહી :

**તારીખ :** મુદ્રકનો સિક્કો :

---

## અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) હેઠળ**

**વંચાણે લીધા :**

(૧) પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્ર નં. ૫૬/સીબી-૫/ફાયરીંગ/બટ/૨૪૪/૨૦૨૬, તા. ૨૮-૦૪-૨૦૨૬.

### જાહેરનામું

નં. નાચી/પલસ/વશી/૫૮૫/૨૦૨૬.-વંચાણે લીધા ક્રમાંક-૧ના પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્રથી રાજય અનામત પોલીસ દળ જુથ-૦૮ ગોંડલના જુથ એકટીવ કંપનીઓ, હેડ કવાર્ટર તથા એમ.ટી. વિભાગમાં ફરજ બજાવતા પોલીસ અધિકારીઓ/કર્મચારીઓનું વર્ષ-૨૦૨૬ની વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ સારૂ અત્રેના જિલ્લામાં આવેલ વાંકીયા ફાયરીંગ બટ, તા. બાબરા ખાતે તા. ૦૫-૦૫-૨૦૨૬ થી તા. ૧૯-૦૫-૨૦૨૬ સુધી દિન-૧૫ માટે વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ થનાર હોય સદરહુ ફાયરીંગ બટ તથા આજુ બાજુનાં ૧૦૦ મીટરનાં વિસ્તારમાં ફાયરીંગ પ્રેકટીસના સમયગાળા દરમ્યાન તકેદારીના ભાગરૂપે જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

સબબ, ઉકત વિગતે રજુ થયેલ દરખાસ્ત ધ્યાને લઈ સવાલવાળા સ્થળની આજુ બાજુ અવર-જવર કરનારાઓને કોઈ નુકસાન ન થાય તે હેતુથી જાહેરનામું બહાર પાડવું જરૂરી હોવાની મને ખાત્રી થયેલ છે, જેથી હું દિલિપસિંહ ગોહિલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, જિલ્લો-અમરેલી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છુ કે, તા. ૦૫-૦૫-૨૦૨૬ થી તા. ૧૯-૦૫-૨૦૨૬ (બંને દિવસો સહિત) સુધીના સમયગાળા દરમિયાન મોજે બાબરા તાલુકાનાં વાંકીયા ગામના સરકારી પડતર રે.સ. નં. ૬૦૧, હે. ૩-૮૮-૬૩ ચો.મી. વાળી જમીન અત્રેની કચેરીનાં હુકમ નં. ચિ/જમન/૧/વશી/૯૭૪૪/૨૦૨૧, તા. ૦૬-૧૨-૨૦૨૧ થી ફાયરીંગ બટ માટે મુકરર થયેલ છે તેને તાર ફેન્સીંગ કરી તેની બાહ્ય સીમા નકકી કરાયેલ છે તેની ચારે તરફની બાહ્ય સીમાથી ૧૦૦ મીટરના અંતર સુધી તમામ રાહદારીઓને અવર જવર કરવા પર પ્રવેશબંધી ફરમાવું છું.

આ હુકમ ફરજ પરનાં સરકારી કર્મચારીઓ/અધિકારીઓને લાગું પડશે નહી.

આ જાહેરનામું તા. ૦૫-૦૫-૨૦૨૬ થી તા. ૧૯-૦૫-૨૦૨૬ (બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ માં દર્શાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

તમામ નાગરીકોને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી/કરાવવી શકય ન હોઈ આથી એક તરફી હુકમ ફરમાવવામાં આવે છે. જાહેર જનતાની જાણ સારૂ સદરહું જાહેરનામું પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીએ નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્ર, ચેનલો મારફતે પ્રસિધ્ધ કરી પ્રસિધ્ધ કરાવવાનું રહેશે. તેમજ લોકોને સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર જાહેરનામાની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરાવવાની રહેશે.

આજ તા. ૦૨ મે, ૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

અમરેલી, ૦૨ માહે મે, સને ૨૦૨૬.

---

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) હેઠળ**

**વંચાણે લીધા :**

(૧) પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્ર નં. ૫૬/સીબી-૫/ફાયરીંગ/બટ/૨૭૮/૨૦૨૬, તા. ૧૨-૦૫-૨૦૨૬.

### જાહેરનામું

નં. નાચી/પલસ/વશી/૬૧૭/૨૦૨૬.-વંચાણે લીધા ક્રમાંક-૧ના પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્રથી રાજય અનામત પોલીસ દળ જુથ-૨૧ બાલાનીવાવ, જિ. અમરેલીના જુથની, હેડ કવાર્ટર કંપની તેમજ એકટીવ કંપનીઓના પોલીસ અધિકારીઓ/કર્મચારીઓનું વર્ષ-૨૦૨૬ની વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ સારૂ અત્રેના જિલ્લામાં આવેલ વાંકીયા ફાયરીંગ બટ, તા. બાબરા ખાતે તા. ૦૧-૦૬-૨૦૨૬ થી તા. ૩૦-૦૬-૨૦૨૬ સુધી દિન-૩૦ માટે વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ થનાર હોય સદરહુ ફાયરીંગ બટ તથા આજુ બાજુનાં ૧૦૦ મીટરનાં વિસ્તારમાં ફાયરીંગ પ્રેકટીસના સમયગાળા દરમ્યાન તકેદારીના ભાગરૂપે જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

સબબ, ઉકત વિગતે રજુ થયેલ દરખાસ્ત ધ્યાને લઈ સવાલવાળા સ્થળની આજુ બાજુ અવર-જવર કરનારાઓને કોઈ નુકસાન ન થાય તે હેતુથી જાહેરનામું બહાર પાડવું જરૂરી હોવાની મને ખાત્રી થયેલ છે, જેથી હું દિલિપસિંહ ગોહિલ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી, જિલ્લો-અમરેલી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છુ કે, તા. ૦૧-૦૬-૨૦૨૬ થી તા. ૩૦-૦૬-૨૦૨૬ (બંને દિવસો સહિત) સુધીના સમયગાળા દરમિયાન મોજે બાબરા તાલુકાનાં વાંકીયા ગામના સરકારી પડતર રે.સ. નં. ૬૦૧, હે. ૩-૮૮-૬૩ ચો.મી. વાળી જમીન અત્રેની કચેરીનાં હુકમ નં. ચિ/જમન/૧/વશી/૯૭૪૪/૨૦૨૧, તા. ૦૬-૧૨-૨૦૨૧ થી ફાયરીંગ બટ માટે મુકરર થયેલ છે તેને તાર ફેન્સીંગ કરી તેની બાહ્ય સીમા નકકી કરાયેલ છે તેની ચારે તરફની બાહ્ય સીમાથી ૧૦૦ મીટરના અંતર સુધી તમામ રાહદારીઓને અવર જવર કરવા પ્રવેશબંધી ફરમાવું છું.

આ હુકમ ફરજ પરનાં સરકારી કર્મચારીઓ/અધિકારીઓને લાગું પડશે નહી.

આ જાહેરનામું તા. ૦૧-૦૬-૨૦૨૬ થી તા. ૩૦-૦૬-૨૦૨૬ (બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ માં દર્શાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

તમામ નાગરીકોને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી/કરાવવી શકય ન હોઈ આથી એક તરફી હુકમ ફરમાવવામાં આવે છે. જાહેર જનતાની જાણ સારૂ સદરહું જાહેરનામું પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીએ નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્ર, ચેનલો મારફતે પ્રસિધ્ધ કરી પ્રસિધ્ધ કરાવવાનું રહેશે. તેમજ લોકોને સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર જાહેરનામાની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરાવવાની રહેશે.

આજ તા. ૧૮ મે, ૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

અમરેલી, ૧૮ માહે મે, સને ૨૦૨૬.

દિલિપસિંહ ગોહિલ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
અમરેલી

---

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ**

## હુકમ

ના.મેજી/પોલ-૧/GPSC/પરીક્ષા/જાહેરનામું/૦૬/૨૦૨૬.-ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા આયોજીત કુલ ચાર જાહેરાતોની સામાન્ય અભ્યાસની સંયુક્ત પરીક્ષા (જાહેરાત ક્રમાંક : Common General Studies Paper For Different Advertisement)ની પ્રિલિમિનરી પરીક્ષા અંતર્ગતની પરીક્ષા તા. ૦૭-૦૬-૨૦૨૬ ના રોજ સવારે ૧૧-૦૦ કલાકથી ૧૪-૦૦ કલાક યોજાનાર છે.

જિલ્લામાં ઉપરોક્ત પરીક્ષા પરીક્ષાર્થીઓ અસામાજીક તત્વોના ત્રાસ અને ભય વિના આપી શકે તથા પરીક્ષા સ્થળના સંચાલકશ્રીઓ અસામાજીક તત્વોના ત્રાસ અને ભય વિના જાહેર પરીક્ષાનું સંચાલન કરી શકે તેમજ પરીક્ષા સમય દરમ્યાન જાહેર વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તે હેતુથી તથા પરીક્ષા દરમ્યાન ચોરીઓના દુષણના કારણે તેજસ્વી પરીક્ષાર્થીઓના ભાવિ પર અસર ન પડે તે માટે કોપી રાઈટ/ડુપ્લીકેટ પ્રશ્નપત્રો કે તેના ઉત્તરો કોપીઈંગ મશીન દ્વારા ન થાય તથા પરીક્ષા ખંડમાં ન પહોંચે તે માટે પ્રતિબંધો ફરમાવવા માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ભુજ-કચ્છ દ્વારા દરખાસ્ત રજુ થયેલ છે.

જેથી, હું ડી. પી. ચૌહાણ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે અનુસુચિમાં જણાવ્યા મુજબના પરીક્ષા કેન્દ્રો તથા બિલ્ડીંગોના ૧૦૦ મીટર ત્રિજ્યાના વિસ્તારમાં તા. ૦૭-૦૬-૨૦૨૬ (રવિવાર)ના સવારના કલાક ૦૬-૦૦ થી સાંજના કલાક ૦૬-૦૦ સુધી નીચે મુજબના નિયમન ફરમાવું છું.

(૧) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઈ પણ માર્ગ ઉપર ચોકમાં કે ગલીમાં ચાર કરતાં વધારે લોકોએ એકઠા થવું નહીં, સરઘસો કાઢવા નહીં તેમજ સુત્રો પોકારવા નહીં.

(૨) પરીક્ષા કેન્દ્રોની આસપાસના ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોપીઈંગ મશીન દ્વારા કોપીઓ કરવાનો વ્યવસાય કરતા ધંધીર્થીઓ/કોપીઈંગ મશીન ધારકોએ તેઓના કોપીઈંગ મશીનો ચલાવવા નહીં કે કોઈપણ પત્રો, દસ્તાવેજો કે કાગળોની નકલો કરવી નહીં અને મશીનો બંધ રાખવા.

(૩) પરીક્ષા કેન્દ્રો/બિલ્ડીંગોના મુખ્ય પ્રવેશ દ્વાર પાસે જ પોલિસ કર્મચારીએ ઉભા રહી જે પરીક્ષાર્થી પાસે પ્રવેશિકા (રસીદ) હોય તે ચકાસીને જ માત્ર પરીક્ષાર્થીઓને જ પ્રવેશ આપવાનો રહેશે.

(૪) પરીક્ષામાં રોકાયેલ કેન્દ્રના સંપાદકશ્રીઓ, બિલ્ડીંગના કન્ડક્ટરશ્રી, ખંડ નિરીક્ષકો, વહીવટી સેવામાં જેઓને ફરજ સોંપવામાં આવે છે તે વોટરમેન, બેલમેન કે જેઓને આયોગ દ્વારા ઓળખપત્ર આપવામાં આવેલ છે તે તપાસીને જ પ્રવેશ આપવાનો રહેશે.

(૫) પોલિસ કર્મચારીએ પરીક્ષા કેન્દ્ર/બિલ્ડીંગના મુખ્ય પ્રવેશદ્વાર પાસે જ ફરજ બજાવવાની રહેશે. વર્ગખંડમાં પ્રવેશ કરવાનો રહેશે નહીં.

(૬) પરીક્ષા કેન્દ્રોમાં કોઈ પણ વ્યકિતએ વાયરલેસ ડીવાઈસીસ જેવા કે બ્લુ ટુથ, પેન કેમેરા, મોબાઈલ કે ઈન્ટરનેટ સાથે કનેકટેડ ઈલેકટ્રોનીક ઉપકરણો લઈ જવા નહીં.

**અનુસુચિ**

| ક્રમ | પરીક્ષા સ્થળનું નામ | સરનામું |
|---|---|---|
| ૧ | ઓલ્ફ્રેડ હાઈસ્કૂલ, સેન્ટર-એ | મહાદેવ ગેટ પાસે, હમીરસર તળાવની સામે, ભુજ-કચ્છ |
| ૨ | ઓલ્ફ્રેડ હાઈસ્કૂલ, સેન્ટર-બી | મહાદેવ ગેટ પાસે, હમીરસર તળાવની સામે, ભુજ-કચ્છ |
| ૩ | શ્રી ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કૂલ, ભુજ યુનિટ-૧ | નવા એસ.ટી. બસ સ્ટેશન સામે, ભુજ-કચ્છ |
| ૪ | શ્રી ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કૂલ, ભુજ યુનિટ-૨ | નવા એસ.ટી. બસ સ્ટેશન સામે, ભુજ-કચ્છ |
| ૫ | શ્રી શેઠ વી. ડી. હાઈસ્કૂલ, ભુજ | ઈન્દ્રાબાઈ પાર્ક સામે, માતૃછાયા માર્ગ, ભુજ-કચ્છ |
| ૬ | શ્રી માતૃછાયા કન્યા વિદ્યાલય, ભુજ | માતૃછાયા માર્ગ, સંતોષીમાના મંદિર પાસે, ભુજ-કચ્છ |
| ૭ | જૈનાચાર્ય અજરામરજી સ્કૂલ, ભુજ | અજરામરજી ચોક, રોટરી હોલ સામે, હોસ્પિટલ રોડ, ભુજ-કચ્છ |
| ૮ | સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ, ભુજ | આર.ટી.ઓ. ઓફિસની સામે, કેમ્પ એરીયા, માધાપર હાઈવે, ભુજ-કચ્છ |
| ૯ | સેન્ટ એન્ડ્રુઝ હાઈસ્કુલ, ભુજ | હરીપર-ટપકેશ્વરી રોડ, ભુજ-કચ્છ |

**આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં**

(૧) પોતાના અંગત ઉપયોગ માટે કોપીઈંગ મશીનનો વપરાશ કરતી વ્યકિતઓને.

(૨) પોતાની ફરજની રૂએ કામ કરતી વ્યકિતને એકત્રિત થવાની જોગવાઈ લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે. આ જાહેરનામાની જાહેરાત પોલિસ ખાતાએ દાંડી પીટાવીને તેમજ જાહેરનામાની નકલો મુખ્ય મથકોએ ચોટાડીને કરવી.

આજરોજ તા. ૦૫-૦૬-૨૦૨૬ ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરી બહાર પાડ્યું.

કચ્છ-ભુજ, ૦૫ માહે જુન, સને ૨૦૨૬.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની
કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

## હુકમ

ના.મેજી/પોલ-૧/SSC-HSC/પૂરક પરીક્ષા/જાહેરનામું/૦૬/૨૦૨૬.- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ + વિજ્ઞાન પ્રવાહ) જૂન-૨૦૨૬ પૂરક પરીક્ષાઓ તા. ૧૧-૦૬-૨૦૨૬ થી તા. ૨૦-૦૬-૨૦૨૬ દરમ્યાન લેવાનાર છે. આ પરીક્ષાઓ દરમ્યાન પરીક્ષા દરમ્યાન પરીક્ષા સ્થળ તથા તેની આજુબાજુના વિસ્તારમાં સલામતીની વ્યવસ્થા ગોઠવવા સરકારશ્રી દ્વારા જરૂરી સુચના અપાયેલ છે.

જિલ્લામાં ઉપરોક્ત પરીક્ષા પરીક્ષાર્થીઓ અસામાજીક તત્વોના ત્રાસ અને ભય વિના આપી શકે તથા પરીક્ષા સ્થળના સંચાલકશ્રીઓ અસામાજીક તત્વોના ત્રાસ અને ભય વિના જાહેર પરીક્ષાનું સંચાલન કરી શકે તેમજ પરીક્ષા સમય દરમ્યાન જાહેર વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તે હેતુથી તથા પરીક્ષા દરમ્યાન ચોરીઓના દુષણના કારણે તેજસ્વી પરીક્ષાર્થીઓના ભાવિ પર અસર ન પડે તે માટે કોપી રાઈટ/ડુપ્લીકેટ પ્રશ્નપત્રો કે તેના ઉત્તરો કોપીઈંગ મશીન દ્વારા ન થાય તથા પરીક્ષા ખંડમાં ન પહોંચે તે માટે પ્રતિબંધો ફરમાવવા માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ભુજ-કચ્છ દ્વારા તા. ૦૩-૦૬-૨૦૨૬ ના રોજ દરખાસ્ત રજુ થયેલ છે.

જેથી, હું ડી. પી. ચૌહાણ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે અનુસુચિમાં જણાવ્યા મુજબના પરીક્ષા કેન્દ્રો તથા બિલ્ડીંગોના ૧૦૦ મીટર ત્રિજ્યાના વિસ્તારમાં તા. ૧૧-૦૬-૨૦૨૬ના સવારના કલાક ૦૬-૦૦ થી તા. ૨૦-૦૬-૨૦૨૬ના રાત્રિના કલાક ૦૮-૦૦ સુધી નીચે મુજબના નિયમન ફરમાવું છું.

(૧) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોઈ પણ માર્ગ ઉપર ચોકમાં કે ગલીમાં ચાર કરતાં વધારે લોકોએ એકઠા થવું નહીં, સરઘસો કાઢવા નહીં તેમજ સુત્રો પોકારવા નહીં.

(૨) પરીક્ષા કેન્દ્રોની આસપાસના ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં કોપીઈંગ મશીન દ્વારા કોપીઓ કરવાનો વ્યવસાય કરતા ધંધીર્થીઓ/કોપીઈંગ મશીન ધારકોએ તેઓના કોપીઈંગ મશીનો ચલાવવા નહીં કે કોઈપણ પત્રો, દસ્તાવેજો કે કાગળોની નકલો કરવી નહીં અને મશીનો બંધ રાખવા.

(૩) પરીક્ષા કેન્દ્રો/બિલ્ડીંગોના મુખ્ય પ્રવેશ દ્વાર પાસે જ પોલિસ કર્મચારીએ ઉભા રહી જે પરીક્ષાર્થી પાસે પ્રવેશિકા (રસીદ) હોય તે ચકાસીને જ માત્ર પરીક્ષાર્થીઓને જ પ્રવેશ આપવાનો રહેશે.

(૪) પરીક્ષામાં રોકાયેલ કેન્દ્રના સંપાદકશ્રીઓ, બિલ્ડીંગના કન્ડક્ટરશ્રી, ખંડ નિરીક્ષકો, વહીવટી સેવામાં જેઓને ફરજ સોંપવામાં આવે છે તે વોટરમેન, બેલમેન કે જેઓને આયોગ દ્વારા ઓળખપત્ર આપવામાં આવેલ છે તે તપાસીને જ પ્રવેશ આપવાનો રહેશે.

(૫) પોલિસ કર્મચારીએ પરીક્ષા કેન્દ્ર/બિલ્ડીંગના મુખ્ય પ્રવેશદ્વાર પાસે જ ફરજ બજાવવાની રહેશે. વર્ગખંડમાં પ્રવેશ કરવાનો રહેશે નહીં.

(૬) પરીક્ષા કેન્દ્રોમાં કોઈ પણ વ્યકિતએ વાયરલેસ ડીવાઈસીસ જેવા કે બ્લુ ટુથ, પેન કેમેરા, મોબાઈલ કે ઈન્ટરનેટ સાથે કનેકટેડ ઈલેક્ટ્રોનીક ઉપકરણો લઈ જવા નહીં.

અનુસુચિ

એસ.એસ.સી., એચ.એસ.સી. પૂરક પરીક્ષા જૂન-૨૦૨૬

| ક્રમ | પરીક્ષા સ્થળનું નામ | સરનામું |
|---|---|---|
| ૧ | શ્રી શેઠ વી. ડી. હાઈસ્કૂલ, ભુજ | ઈન્દ્રાબાઈ પાર્ક સામે, માતૃછાયા માર્ગ પાસે, ભુજ-કચ્છ |
| ૨ | સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ, ભુજ | મિલિટરી સ્ટેશન સામે, ભુજ-કચ્છ. |
| ૩ | શ્રી માતૃછાયા કન્યા વિદ્યાલય, ભુજ | માતૃછાયા માર્ગ, ભુજ-કચ્છ |
| ૪ | જૈનાચાર્ય અજરામરજી સ્કૂલ, ભુજ | અજરામર ચોક, ભુજ-કચ્છ |
| ૫ | મા આશાપુરા સ્કૂલ, યુનિટ-૧ | સરદાર પટેલ સંકુલ સામે, લેઉવા પટેલ હોસ્પિટલ પાછળ, ભુજ-કચ્છ |
| ૬ | માતૃશ્રી આર.ડી.વરસાણી કુમાર વિદ્યાલય, યુનિટ-૧ | મુંદ્રા રોડ, ભુજ-કચ્છ |
| ૭ | સ્વામિનારાયણ વિદ્યાલય, ભુજ | સંસ્કારનગર, પડદાભીટ્ટ હનુમાન મંદિર પાસે, ભુજ-કચ્ચ |
| ૮ | ચાણક્ય એકેડમી યુનિટ-૧, ભુજ | મુંદ્રા રોડ, ભુજ-કચ્છ |
| ૯ | વહેદના સ્કૂલ, ભુજ | એકતાનગર, પીરાનપીર રોડ, ભુજ-કચ્છ |
| ૧૦ | વાત્સલ્ય ગર્લ્સ સ્કૂલ, ભુજ | મુસ્લિમ એજ્યુકેશન સ્કૂલ સામે, ભુજ-કચ્છ |
| ૧૧ | ચાણક્ય એકેડમી યુનિટ-૨, ભુજ | મુંદ્રા રોડ, ભુજ-કચ્છ |
| ૧૨ | માતૃશ્રી આર.ડી.વરસાણી કુમાર વિદ્યાલય, યુનિટ-૨ | મુંદ્રા રોડ, ભુજ-કચ્છ |
| ૧૩ | યશ માધ્યમિક શાળા, ભુજ | અલ-મહેદી કોલોની સામે, યુસુફશા ભવાનશા માર્ગ, સુરલભીટ્ટ રોડ, ભુજ-કચ્છ |
| ૧૪ | મા આશાપુરા સ્કૂલ, યુનિટ-૨ | સરદાર પટેલ સંકુલ સામે, લેઉવા પટેલ હોસ્પિટલ પાછળ, ભુજ-કચ્છ |
| ૧૫ | વિષ્ણુધર્મ સ્કુલ, ભુજ | અક્ષર રેસિડન્સી, કોડકી રોડ, રતિયા, ભુજ-કચ્છ |
| ૧૬ | સેન્ટ એન્ડ્રુઝ સ્કુલ, ભુજ | હરીપર, ટપકેશ્વરી રોડ, ભુજ-કચ્છ |
| ૧૭ | શ્રી કચ્છી લેઉવા પટેલ કન્યા વિદ્યામંદિર, ભુજ | સુરજ શિક્ષણધામ, હરીપર-ટપકેશ્વરી રોડ, હરીપર, ભુજ-કચ્છ |
| ૧૮ | ધી મુસ્લિમ એજ્યુકેશન સ્કુલ, ભુજ | ઓધવ વંદના સામે, ખારસરા મેદાન પાસે, ભુજ |
| ૧૯ | શ્રી સ્વામીનારાયણ કન્યા વિદ્યામંદિર મીરઝાપર | ભુજ-મીરઝાપર હાઈવે, ઉમાનગર પાસે, ભુજ-કચ્છ |
| ૨૦ | શ્રી ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કૂલ, ભુજ, યુનિટ-૧ | નવા એસ.ટી. બસ સ્ટેશન સામે, ભુજ-કચ્છ |
| ૨૧ | શ્રી ઓલ્ફ્રેડ હાઈસ્કૂલ, ભુજ, યુનિટ-૧ | હમીરસર તળાવ સામે, મહાદેવ ગેટ પાસે, ભુજ-કચ્છ |

આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં

